ભાજપ સરકાર સામે કિસાનસંઘ ખફા

ખેડૂતોના પ્રશ્નો હલ નહીં સંતોષાય તો લોકસભાની ચૂંટણીમાં નુકસાનની ચીમકી : રૂ.૬૨૬ કરોડની વિજબીલ માફી પ્રામાણિક ખેડૂતો માટે અન્યાયકારી

પાલનપુર, તા. ૨૫ સરહદી બનાસકાંઠા જિલ્લામાં ખુદ ભારતીય કિસાન સંઘે સરકાર સામે મોરચો માંડ્યો છે. કિસાન સંઘે ખેડૂતોના પ્રશ્નો નહીં ઉકેલાય તો લોકસભાની ચૂંટણીમાં ભાજપ સરકારને નુકસાન સહન કરવાનો વારો આવશે તેવી ગર્ભિત ચીમકી ઉચ્ચારી છે. સરહદી બનાસકાંઠા જિલ્લા માં ખુદ ભારતીય કિસાન સંઘ ખેડૂતોની વ્હારે ચડ્યો છે. રાજ્ય સરકાર દ્વારા તાજેતર માં વીજ બિલ માફીના નામે રૂ.૬૨૫ કરોડનું જાહેર કરેલું પેકેજ પ્રામાણિક ખેડૂતોને અન્યાયકારક હોવાનું કિસાન સંઘે જણાવ્યું હતું. આ ઉપરાંત મગફળી ખરીદીના નાણાં સમયસર ચૂકવવા, કેનાલમાં છાશવારે પડતા ગાબડાં, જમીન રી-સર્વે અને જીએસટી જેવા મુદ્દાઓને લઈને કિસાન સંઘે જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી ન્યાયની ગુહાર લગાવી હતી. ભારતિય કિસાન સંઘે ખેડૂતોની સમસ્યાઓનો તાત્કાલિક હલ કરવાની માંગ કરી છે. અન્યથા આવનારી લોકસભા ચૂંટણીમાં સરકાર ને મોટું નુકશાન ભોગવવાનો વારો આવશે તેવી ચિમકી પણ ભારતીય કિસાનસંઘએ ઉચ્ચારી હતી. આ પ્રસંગે કિસાન સંઘના અગ્રણી ભીખાભાઇ ભૂટકા, મેઘરાજભાઈ ચૌધરી સહિતના અગ્રણી ઓ જોડાયા હતા.

ડીસા ખાતે સમસ્ત બ્રહ્મ સમાજનું સ્નેહ મિલન યોજાયું

ડીસા, તા. ૨૫ ડીસા ખાતે વસતા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા રવિવારે ડીસાના પારકર ભુવન ખાતે સ્નેહમિલન સમારોહ ગોતરકા આશ્રમના મહંત નિજાનંદ બાપુ અને ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.આ પ્રસંગે મોટી સંખ્યામાં બ્રહ્મ સમાજના આગેવાનો,યુવાનો તેમજ જ્ઞાતિજનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ સ્નેહ મિલન સમારોહમાં સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે તે માટે ચર્ચા વિચારણા કરાઈ હતી. ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડ્યાએ આગામી સમયમાં બ્રહ્મ સમાજ માટે સમાજ ભવનના નિર્માણ માટેની રૂપરેખા બાબતે સમાજબંધુઓ સાથે પરામર્શ કરી આગામી દિવસોમાં સમાજ ભવનનું નિર્માણ કરવા માટેના આયોજન બાબતે સમાજના અગ્રણીઓ સાથે ચર્ચા વિચારણા કરી હતી.

૧૨૫૦ કરોડના ખર્ચે રાજકોટમાં એઈમ્સનું નિર્માણ કરવામાં આવશે

૧૫૦૦ દર્દીઓને ઓપીડીનો લાભ મળશે

ગાંધીનગર, તા. ૨૫ રાજકોટને અડીને આવેલા ખંઢેરીમાં એઈમ્સની મંજુરી આપવામાં આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા એઈમ્સની અપાયેલી મંજુરી અંગે ટૂંક સમયમાં સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. આ એઈમ્સ મળતા હવે સૌરાષ્ટ્ર અને કચ્છના દર્દીઓને અમદાવાદ કે મુંબઈ સુધી લાંબુ થવું પડશે નહિ. અંદાજે રૂપિયા ૧૨૫૦ કરોડના ખર્ચે ૭૫૦ બેડની બનનારી આ એઈમ્સનું કામ આગામી ચાર વર્ષમાં પુરૂ કરવામાં આવશે. ગુજરાત રાજ્યમાં ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેડીકલ સાયન્સ (એઈમ્સ) માટે ઘણા સમયથી માંગ સાથે વિવાદ પણ રહ્યો હતો. જેમાં વડોદરા અને રાજકોટનાં સ્થળ વિવાદ સહીત જસદણની પેટાચૂંટણી વખતે પણ જાહેરાતનો વિવાદ થયો હતો. આમ છતાં વર્ષો બાદ સૌરાષ્ટ્રવાસીઓની માંગ સંતોષાતા રાજકોટમાં એઈમ્સ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ અંગે કેન્દ્ર સરકાર દ્વારા ગણતરીના દિવસોમાં જ સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આ પ્રોજેક્ટને મંજુરી પણ આપી દીધી છે. રાજકોટ નજીક જામનગર રોડ પર આવેલા ખંઢેરી ગામ પાસે ૨૦૦ એકર જમીનમાં એઈમ્સ બનાવવામાં આવશે. અંદાજે રૂપિયા ૧૨૫૦ કરોડના ખર્ચે ૭૫૦ બેડની બનનારી આ એઈમ્સનું કામ આગામી ચાર વર્ષમાં પુરૂ કરવામાં આવશે. જેમાં એઈમ્સ માટેનું કામકાજ આગામી ઓક્ટોબર મહિનામાં શરૂ કરવામાં આવશે. આ એઈમ્સમાં નવી મેડીકલ કોલેજ શરૂ થવા સાથે નવા તબીબોની તબીબી સેવાઓ પણ મળશે. ૨૦ સુપર સ્પેશ્યાલીટી વિભાગો સાથે દરેક પ્રકારના રોગોમાં સારવાર, ઓપરેશન પણ થઈ શકાશે. આ એઈમ્સમાં બનનારી નવી મેડીકલ કોલેજમાં એમબીબીએસની ૧૦૦ તેમજ બીએસસી-નર્સિંગની ૬૦ બેઠકો મળશે. ૭૫૦ બેડ સાથે ૧૫૦૦ દર્દીઓની ઓપીડીનો દર્દીઓને લાભ મળશે.

પ્રાંતિજ તાલુકા કેબલ ઓપરેટર એસો. દ્વારા બે જગ્યાએ આવેદનપત્ર અપાયું

ટ્રાઈના કાળા કાયદાના વિરોધમાં આવેદનપત્ર આપ્યું : સાંસદ તથા પ્રાન્ત અધિકારીને આવેદનપત્ર

પ્રાંતિજ તા.૨૪ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ તાલુકા કેબલ ઓપરેટરો દ્વારા ટ્રાઈ ના કાળા કાયદા વિરોધમાં પ્રાંતિજ ખાતે સાંસદ તથા પ્રાન્ત અધિકારી એમ બે જગ્યાએ આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ.

દેશભરમાં ટ્રાઈ ના વિરોધમાં કેબલ ઓપરેટરો તથા એસોસિયેશન દ્વારા ઠેરઠેર વિરોધ થઈ રહ્યો છે અને તેના વિરોધમાં આવેદનપત્ર આપવામાં આવી રહ્યા છે ત્યારે પ્રાંતિજ ખાતે પણ પ્રાંતિજ તાલુકા એસોસિયેશન દ્વારા પ્રાંતિજ માર્કેટયાર્ડ ખાતે જઈને સાબરકાંઠા -અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડ ને આવેદનપત્ર આપ્યું હતું તો તાલુકા સેવાસદન ખાતે પણ જઈને સિરેદાર શામળભાઈ પટેલ ને આવેદનપત્ર આપી સરકાર માં રજુઆત કરવા જણાવ્યું હતું અને ટ્રાઈ ના કાળા કાયદાનો અને ભાવ વધારા ને પાછો ખેંચવા તથા ગ્રાહકો ના હિતમાં કેબલ ઓપરેટરો દ્વારા તા.૨૯-૧૨-૨૦૧૮ થી રાત્રીના ૧૨ કલાકે પ્રસાર બંધ કરવામાં આવનાર છે જે તમામ ગ્રાહકોએ નોંધ લેવાં જણાવ્યું હતું તો આ પ્રસંગે અમરીશભાઈ સોની, રતિભાઇ ટેકવાણી, લાલુભાઈ પંડયા, દિપકભાઈ કડીયા સહિત ના કેબલ ઓપરેટરો ઉપસ્થિત રહી ને બે જગ્યાએ આવેદનપત્ર આપ્યું હતું.

ડીસા ખાતે લોહાણા મહાપરિષદ દ્વારા સુંદરકાંડનો પાઠ

ડીસા શહેરમાં રવિવારે રાત્રે રઘુવંશી સમાજનું પ્રતિનિધિત્વ કરતી લોહાણા મહાપરીષદ દ્વારા સુંદર કાંડનું આયોજન કરાયું હતું. ડીસા શહેરના શુભમ પાર્ટી પ્લોટ ખાતે યોજાયેલા આ સુંદરકાંડમાં વિશાળ સંખ્યામાં ભાવિક ભક્તો ઉમટી પડ્યા હતા અને સુંદરકાંડના પાઠનો જાપ કર્યો હતો. આ પ્રસંગે અદભુત ભક્તિમય માહોલ સર્જાઈ ગયો હતો. લોહાણા મહાપરિષદ દ્વારા યોજાયેલા સુંદરકાંડના આ ધાર્મિક કાર્યક્રમમાં ગુજરાત વેર હાઉસિંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળી, ઈસ્કોન ગ્રુપના ચેરમેન પ્રવીણભાઈ કોટક, ગુજરાત સરકારના પૂર્વ મંત્રી કેશાજી ચૌહાણ, દિનેશભાઈ અનાવાડિયા સહિત શહેરના અગ્રણીઓ અને ભાવિક ભાઈ બહેનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાંતિજ ખાતે શ્રી બાવનગોળ કડવા પાટીદાર સમાજ પ્રાંતિજ શહેરનો- સ્નેહ સંમેલન યોજાયું

એકથી કોલેજ સુધીના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ પ્રોત્સાહિત કરવામાં આવ્યાં : દિકરી તથા દિકરીના માતા- પિતાનુ સન્માન કરવામાં આવ્યું

પ્રાંતિજ તા.૨૫ સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે રહેતાં શ્રી બાવનગોળ કડવા પાટીદાર સમાજના ભાઈ-બહેનોનું સ્નેહ સંમેલન તથા ઈનામ વિતરણ સમારંભ કાર્યક્રમ યોજાયો.

પ્રાંતિજ રેલ્વે સ્ટેશન શ્રી બાવનગોળ કડવા પાટીદાર સમાજની વાડી ખાતે શ્રી બાવનગોળ કડવા પાટીદાર સમાજ પ્રાંતિજ શહેર નો વાર્ષિક સ્નેહ સંમેલન કાર્યક્રમ યોજાયો હતો જેમાં પ્રાંતિજ ખાતે રહેતા શ્રી બાવનગોળ કડવા પાટીદાર સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં તો આ પ્રસંગે સમાજના તેજસ્વી તારલાઓને પણ ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતા તો બેટી બચાવો બેટી વધાવો કાર્યક્રમ અંતર્ગત દિકરી તથા દિકરી ના માતા-પિતાનું સમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું તો સમાજના દાંતા ઓ નું પણ ફુલહાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું તો આ પ્રસંગે શ્રી બાવનગોળ કડવા પાટીદાર સમાજ પ્રાંતિજ શહેરનાં પ્રમુખ પટેલ ચંપકભાઇ એમ.પટેલ, મંત્રી ઈશ્વરભાઈએમ. પટેલ, પટેલ આશિષકુમાર શામળભાઈ, પટેલ મધુબેન દશરથભાઇ, નગરપાલિકા કોર્પોરેટર કોકીલાબેન વિજયભાઈ પટેલ સહિત સમાજના આગેવાનો કાર્યકરો સહિત પ્રાંતિજ ખાતે રહેતાં શ્રી બાવનગોળ કડવા પાટીદાર સમાજ માંથી ભાઈ- બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

સાબરકાંઠા - અરવલ્લી મનસુરી (પીંજારા) સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાયો

સમાજના તેજસ્વી તારલા અને હાજી-હજીયાણીઓનું સન્માન કરી મોમેન્ટો એનાયત કરાઈ

હિંમતનગર, તા. ૨૫ હિંમતનગર મનસુરી (પીંજારા) સમાજ દ્વારા સાબરકાંઠા - અરવલ્લીમાં વસતા હિંમતનગર આર.ટી.ઓ. કચેરી સામે આવેલા આબેદા હોલ ખાતે રવિવારે યોજાઈ ગયો આ પ્રસંગે સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને મોમેન્ટો અને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમાજના હાજીઓ અને હજીયાણીઓનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું.

મોડાસા મકદુમ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ રજાકભાઈ મનસુરીના અધ્યક્ષ સ્થાને અને પત્રકાર હાજી મકસુદ હાજી ગુલામનબીના મુખ્ય મહેમાન પદે તેમજ ડૉ. રજાકભાઈ મસુરીના અતિથિ પદે યોજાયેલ સ્નેહ મિલન સમારંભમાં મોટી સંખ્યામાં સમાજના ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી જીલ્લા સહીત મોડાસામાં ખ્રિસ્તી સમુદાયે નાતાલ ધામધૂમથી ઉજવણી

મોડાસા, તા. ૨૫ પ્રેમ,દયા અને કરુણાના અનુયાયી પ્રભુ ઈસુના અવતરણને રાત્રીના ૧૨ ટકોરે આતશબાજી સાથે ધામધૂમ પૂર્વક આવકારી નાતાલ પર્વની ઉજવણી હર્ષોલ્લાસ સાથે કરી હતી ખ્રિસ્તી સમુદાયના અબાલ,વૃદ્ધ સૌકોઈ નાચગાન અને પ્રાર્થના સભા યોજી ઈસુ ના આગમન વધામણી કરી એક બીજાને મેરી ક્રીસમસ ની શુભેચ્છા પાઠવી હતી.

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં વસતા ખ્રિસ્તી બંધુઓના,ઘર,દેવળો તેમજ મિશીનરી શાળાઓને નાતાલ પર્વમાં લાઈટિંગ,ક્રિસમસ ટ્રી સ્ટાર સહીત રોશનીથી શણગારવામાં આવ્યા હતા મોડાસાના મેઘરજ રોડ પર આવેલા ચર્ચ સહીત જીલ્લાભર ના ચર્ચમાં હતો. ખ્રિસ્તી સમુદાય દ્વારા પરંપરાગત ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ખ્રિસ્તી સમાજના ભાઈઓ-બહેનો-બાળકો સહિત મોટીસંખ્યામાં ઉપસ્થિત રહી પ્રાર્થના કરી હતી.આ પ્રસંગ ચર્ચના પાદરીએ તહેવાર ઉજવવા આવેલ લોકોને ઉપદેશ આપ્યા હતા અને લોકોએ પરંપરાગત નાચગાન કરી હર્ષોલ્લાસ સાથે ક્રિસમસની ઉજવણી કરી હતી.

ખેડબ્રહ્મામાં શહેરમાં દારૂ ભરેલી કાર પલ્ટી મારી

ખેડબ્રહ્મામાં હરણાવ નદી કિનારે રવિવાર રાત્રે એક સ્વીફ્ટ કાર પલ્ટી મારી ગઈ હતી. જેથી લોકોના ટોળાં થઈ જતા પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે પહોચી કાર્યવાહી હાથ ધરી હતી.

ખેડબ્રહ્મા શહેરમાં રાવીવાર રાત્રીના ૯.૩૦ વાગ્યાના આસપાસ રાજસ્થાન તરફથી એક સ્વીફ્ટ કાર પુર ઝડપે આવતી હતી અને

આરાધના સિનેમા આગળ ડ્રાઈવરે કાર પરનો કાબુ ગુમાવતા કાર ડિવાઈડર સાથે ધડાકાભેર ટકરતા પલ્ટી મારી ગઈ હતી. આવાજ સાંભળી લોકો આવી ગયા હતા. અંદર જોતા દારૂ ભરેલ હોઈ લોકોએ પોલોસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. જે દરમ્યાન વાહન ચાલક ભાગી ગયો હતો. અંદર તાપસ કરતા ભારતીય બનાવતનો વિદેશી દારૂ બોટલ ન. ૧૯૪ કિંમત રૂ. ૩૦૧૫૧ અને કાર કિંમત ૨.૫૦૦૦૦ માલી કુલ ૨.૮૦૧૫૧ નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. જેથી પોલિસે પુર ઝડપે, ગફલતભરી રીતે ગાડી હંકારી, પલ્ટી ખવડાવી અંદર પાસ પરમીટ વગર દારૂ રાખી ગુનો કાર્ય બાબતે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હસ્થ ધરી હતી.

મહેસાણા જિલ્લામાં સુ-શાસન દિવસની ઉજવણી

મહેસાણા, તા. ૨૫ આજે તા. ૨૫ ડિસેમ્બરના રોજ મહેસાણા ખાતે સ્વ. વડાપ્રધાનશ્રી અટલ બિહારી વાજપેયીજીના જન્મ દિનની-સુશાસન દિવસ તરીકે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિધાનસભા અધ્યક્ષ ભરતસિંહ ડાભી,સાસંદ જયશ્રીબહેન પટેલના હસ્તે સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓના સહાય હુકમ અને મંજુરી પત્ર વિતરણ કાર્યક્રમ યોજાયો હતો

આ કાર્યક્રમમાં વિધવા સહાય,નિરાધાર વૃધ્ધ વયવંદના યોજના,રાષ્ટ્રીય કુટુંબ સહાયના ૩૦ લાભાર્થીઓને સહાય હુકમ આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત ગણોતધારા કલમ ૩૨એ મુજબ નમુના મંબર ૦૯ના ૧૦ ખરીદ પ્રમાણપત્રો અરજદારોને સ્થળ પર આપવામાં આવ્યા હતા.જિલ્લામાં બિન ખેતી હુકમ,બાંધકામ પરવાનગી અને ગણોતધારાની કલમ ૬૩ અને ૪૩ અન્વયે ૩૫ અરજદારોને મંજુરીપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું

આ ઉપરાંત ગાંધીનગરથી મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી દ્વારા ગાંધીનગરથી વિકાસ કામોના ઈ-લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રૂ.૬.૪૩ લાખના ખર્ચે જિલ્લા પંચાયત મહેસાણા જનસેવા કેન્દ્રનું લોકાર્પણ કરાયું હતું.આ જનસેવા કેન્દ્ર જિલ્લા વિકાસ અધિકારીશ્રીની પુરસ્કાર ગ્રાન્ટમાંથી કરવામાં આવેલ છે.અરજદારો માટે એરકન્ડીશન વાતાવરણમાં સોફા સાથે સુંદર બેઠકની વ્યવસ્થા જનસેવા કેન્દ્રમાં કરાઈ છે.જનસેવા કેન્દ્રથી જિલ્લા પંચાયતની વિવિધ શાખાઓમાં થતી કામગીરીની વિગતોથી નાગરિકો માહિતગાર થઈ શકે તે માટેની વ્યવસ્થા કરાઈ છે.

મહેસાણા જિલ્લામાં પ્રાથમિક શાળા નંબર ૦૩ માં રૂ.૧૨૧.૮૦ લાખના ખર્ચે ૧૪ વર્ગખંડોનું અને રૂ.૮૫ લાખના ખર્ચે નિર્મિત દવાડા ખાતે ૦૮ વર્ગખંડોનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આ ઉપરાંત રૂ.૨૭.૧૯ લાખના ખર્ચે ઝુલાસણ (અચરાસણ), ડાંગરવા (સરસાવ), હડોલ (બ્રહ્મપુરી અને જોટાણા (માંકણજ) ખાતે નવીન આંગણવાડીનું લોકાર્પણ કરાયું હતું.

રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ ધનસુરા તાલુકામાં બાળકોની તપાસ કરાઈ

મોડાસા, તા. ૨૫ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાત દ્વારા શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ ગુજરાત માં શરુ કરાયો છે. ત્યારે ધનસુરા તાલુકામાં પણ આ કાર્યક્રમ અંતર્ગત શાળાઓમાં બાળકો ની તપાસ શરુ કરવામાં આવી છે. આરબીએસકે ના મેડિકલ ઓફિસર ચિંતલબેન પટેલ એ જણાવ્યુ હતું કે આ કાર્યક્રમ શાળા એ જતા શાળા એ ન જતા બાળકો , પ્રાથમિક શાળા ના બાળકો , આશ્રમશાળા ના બાળકો ,આંગણવાડી ના દરેક બાળકો ની તપાસ કરવામાં આવે છે. આ કાર્યક્રમ માં બાળકો ને કોઈ જન્મજાત ખામી,જન્મજાત રોગ , શારીરિક ખોડખાપણ જોવામળે છે એની તપાસ,વિટામીન ની ઉણપ, દાંત ની તપાસ ,આંખ ની તપાસ,કાનની તપાસ ,બાળક કુપોષિત છે કે નહિ,ચામડી ના રોગ ની તપાસ ,શ્વસનતંત્ર ની તપાસ આ તમામ તપાસો કરવામાં આવે છે.ધનસુરા તાલુકા માં તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.યોગેશભાઈ ગોસ્વામી ના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ થઈ રહયો છે.

કંપની સમાચાર

અમદાવાદ ખાતે એડ એડન્સી તથા મીડિયા ગ્રુપનો AACA ક્રિકેટ કાર્નિવલ-૨૦૧૮ યોજાયો

અમદાવાદ, તા. ૨૫ અમદાવાદ એડવર્ટાઈઝીંગ એસોસીએશન **AACA** દ્વારા હાલમાં હાઈ પાવર નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન થયું. ફાઈનલ મેચમાં ધી પાવર રેન્જર અમોલાનો વિજય થયો હતો.

AACA ક્રિકેટ કાર્નિવલમાં વિવિધ એડ એજન્સીની કુલ ૧૬ ટીમના ૧૨૮ ખેલાડીઓ વચ્ચે ૨૭ નાઈટ મેચ રમાઈ હતી. ગત રવિવારે રમાયેલી ફાઈનલ મેચ ઉપરાંત ગુજરાત મીડિયા એક્ઝીક્યુટીવ્સની ટુર્નામેન્ટ, **AACA**ની વુમન્સ ક્રિકેટમાં બે ટીમ વચ્ચે તથા સિનિયર મેમ્બર્સમાં ગોલ્ડ ગ્લેડિયેટર્સ અને ડાયમંડ ડેર ડેવિલ્સ વચ્ચે પણ શાનદાર મેચ રમાઈ હતી. દરેક મેચ દરમિયાન જગર્નોટ ગ્રાઉન્ડ ખાતે દર્શકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

એવોર્ડ સેરેમનીમાં **AACA** ના પ્રેસિડેન્ટ અજિત શાહ અને એક્ઝુક્યુટીવ કમિટી મેમ્બર્સ સંદિપ શાહ, પ્રશાંત નારેચણિયા, પિનલ શાહ, જગત ગાંધી, તથા મનીષ ગાંધી દ્વારા ખેલાડીઓને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. આ પ્રસંગે **AACA** ના સેક્રેટરી મનીષ ગાંધીએ સર્વે ટીમ ઓનર એજન્સી, એજન્સીના ખેલાડીઓ, સ્પોન્સર્સ તથા રેડિયો, પ્રિન્ટ, ટીવી મીડિયાનો સહયોગ બદલ આભાર માનીને સંસ્થાના આગામી કાર્યક્રમો અંગેની માહિતી આપી હતી.

જનજીવન ઠપ્પ

● અનુસંધાન પહેલાનું ચાલુ

દેવાની ફરજ પડી હતી. આજે સવારે લોકો કલાકો સુધી અટવાઈ ગયા હતા. ધુમ્મસના કારણે ફ્લાઈટોને રોકી દેવામાં આવી હતી. રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને દિલ્હીમાં ઠંડી વધી રહી છે. તાપમાનમાં જોરદાર ઘટાડો થઈ શકે છે. ધુમ્મસના કારણે હાલમાં અકસ્માતનો સિલસિલો પણ વધી ગયો છે. ઉત્તરભારતમાં કાતિલ ઠંડી અને ધુમ્મસ વચ્ચે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. અનેક જગ્યાઓએ માઈનસમાં તાપમાન છે જેમાં જમ્મુ કાશ્મીરના મોટાભાગના વિસ્તારો, હિમાચલ પ્રદેશના અનેક ભાગોનો પણ સમાવેશ થાય છે. સમગ્ર ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી પડી રહી છે. ધુમ્મસની ચાદર પણ ફેલાઈ ગઈ છે. જેના કારણે સવારમાં વાહન વ્યવહારને માઠી અસર થઈ રહી છે. અકસ્માતનો ખતરો વધી ગયો છે. બીજી બાજુ જમ્મુ કાશ્મીરમાં ચેલ્લાઈ કાલાના નામથી જાણીતા ઠંડીના સૌથી ખતરનાક ગાળાની શરૂઆત થઈ ગઈ છે. દિલ્હીમાં પણ હાડ થિજવતી ઠંડી પડી રહી છે. જમ્મુ કાશ્મીરમાં ચિલ્લાઈ કલાનો ગાળો શરૂ થયા બાદ હવે આ ગાળો ૩૧મી જાન્યઆરી સુધી જારી રહેશે. કાશ્મીરમાં તો આ ગાળો આના કરતા પણ વધારે સમય સુધી રહી શકે છે. રાજસ્થાનના માઉન્ટ આબુ અને અન્ય વિસ્તારોમાં લોકોની હાલત કફોડી બનેલી છે. ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. કાતિલ ઠંડીના કારણે હાલમાં કોઈ રાહત મળે તેવી શક્યતા ઓછી છે. પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને દિલ્હીમાં જનજીવન પર અસર થઈ છે. ધુમ્મસના કારણે વધારે ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. બીજી બાજુ જમ્મુ કાશ્મીર અને હિમાચલપ્રદેશમાં મોટા ભાગના વિસ્તારોમાં માઈનસમાં તાપમાન છે. ધુમ્મસની સ્થિતી વચ્ચે વધારે ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે.તાપમાનમાં હાલ નજીવા ફેરફારની સ્થિતી રહી શકે છે.

પુલનું ઉદ્‌ઘાટન

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચીજવસ્તુઓ લઈ જવામાં ભૂમિકા અદા કરશે. આ પુલ ઉપર ઈમરજન્સીની સ્થિતિમાં હેલિકોપ્ટર પણ ઉતરી શકશે. બોગી બિલ પુલ આસામ સમજૂતિના એક હિસ્સા તરીકે છે. આની ભલામણ અગાઉ કરવામાં આવી હતી. સંકટના સમયે તેની ભૂમિકા ખાસ રહેશે. પૂર્વ વડાપ્રધાન ગૌડાએ ૨૨મી જાન્યુઆરી ૧૯૯૭ના દિવસે આ પુલની આધારશિલા મુકી હતી પરંતુ આ પુલ ઉપર કામગીરી ૨૧મી એપ્રિલ ૨૦૦૨ના દિવસે વાજપેયી સરકારના સમયે શરૂ થઈ શકી હતી. પુલનો શુભારંભ આજે થઈ રહ્યો છે. વિલંબના પરિણામ સ્વરૂપે ખર્ચમાં ૮૫ ટકાનો વધારો થયો હતો. શરૂઆતમાં આના ઉપર ખર્ચનો અંદાજ ૩૨૩૦.૦૨ કરોડ રૂપિયા હતો. જે વધીને ૫૯૬૦ કરોડ રૂપિયા થઈ ગયો છે. આ પુલની લંબાઈ પણ અગાઉની નક્કી કરવામાં આવેલી ૪.૩૧ કિમીથી વધારીને ૪.૯૪ કિલોમીટર કરી દેવામાં આવી છે. બ્રહ્મપુત્ર નદીના ઉત્તરીય કિનાર પર રહેતા લોકોને થતી તકલીફને આના લીધે રાહત થશે. પૂર્વોત્તર રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી પ્રણવ જ્યોતિ શર્માએ કહ્યું છે કે ચીનની સાથે ભારતની ૪૦૦૦ કિમી લાંબી સરહદ પૈકી ૭૫ ટકા હિસ્સો અરૂણાચલ પ્રદેશમાં છે. આ પુલ ભારતીય સેના માટે ખૂબ જ અસરકારક રહેશે. બ્રહ્મપુત્ર નદી પર બોગી બિલ પુલ આસામમાં ડિબ્રુગઢ શહેરી ૧૭ કિમીના અંતરે છે. આનું નિર્માણ ત્રણ લેનના માર્ગો અને ડબલ બ્રોડગેજ ટ્રેક સાથે કરવામાં આવ્યું છે. આ પુલ દેશના પૂર્વોત્તર વિસ્તાર માટે લાઈફ લાઈન સમાન રહેશે. આસામ અને અરૂણાચલપ્રદેશના પૂર્વીય ક્ષેત્રમાં બ્રહ્મપુત્ર નદીના ઉત્તર અને દક્ષિણ વચ્ચેના દરિયાકાંઠા વચ્ચે સંપર્ક વધારશે. આનાથી અરૂણાચલપ્રદેશના જુદા જુદા ભાગોમાં લોકોને રાહત થશે.

શપથવિધિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જુથ સંતુલનની સાથે સાથે ક્ષેત્રીય સંતુલનની બાબતને ધ્યાનમાં લેવામાં આવી છે. માલવા- નિમાડમાંથી સૌથી વધારે નવ પ્રધાનોને શપથ લેવડાવવામાં આવી હતી. બીજી બાજુ ગ્લાવિયર-ચંબલ ક્ષેત્રમાંથી પાંચ ધારાસભ્યોને પ્રધાન તરીકે શપથ લેવડાવવામાં આવ્યા છે. સિન્ધિયા જુથના સાત લોકોને મંત્રીમંડળમાં સમાવેશ કરવામાં આવ્યા છે. મહાકૌશળમાંથી ચાર ધારાસભ્યોને પ્રધાન બનાવવામાં આવ્યા છે. મંત્રીઓની શપથવિધી બાદ પત્રકારો સાથે વાતચીત કરતા કમલનાથે કહ્યુ હતુ કે કેબિનેટની પ્રથમ બેઠક આજે જ યોજાઈ હતી. બુંદેલખંડમાંથી ત્રણ, મધ્યમાંથી છ અને વિધ્યમાંથી એક ધારાસભ્યને મંત્રી બનાવવામાં આવ્યા છે. કમનલાથ અને દિગ્વિજય છાવણીના ૨૧ ધારાસભ્યો મંત્રી બન્યા છે. દિગ્વિજયસિંહના પુત્ર જયવર્ધનસિંહને પણ મંત્રી બનાવવામાં આવ્યા છે. દિગ્વિજયસિંહના પુત્રને તક મળતા દિગ્વિજયસિંહ પણ સંતુષ્ટ દેખાઈ રહ્યા છે. કમલનાથના મંત્રીમંડળમાં જે નવા ચહેરા મંત્રી બન્યા છે તેમાં ગોવિંદસિંહ, આરીફ અકીલ, બ્રજેન્દ્રસિં રાઠોડ, સજ્જનસિંહ,

બાલા બચ્ચન, લાખનસિંહ યાદવ, વિજયલક્ષ્મી, હુકુમસિંહ કરાડા, તુલસી શિલાવત, ગોવિંદ રાજપુત, ઓમકારસિંહ, સુખદેવ પાનસે, પ્રભુરામ ચૌધરી, જયવર્ધનસિંહ, હર્ષ યાદવ, કમલેશ્વર પટેલ, લખન ઘનઘોરીયા, તરૂણ ભનોટ, પીસી શર્મા, સચિન યાદવ, સુરેન્દ્રસિંહ બઘેલ, જીતુ પટવારી, ઉમંગ સિંગાર, પ્રદ્યુમ્નસિંહ તોમર, પ્રદીપ જયસ્વાલ, મહેન્દ્રસિંહ સિસોદિયા, ઈમરતી દેવી, પ્રિયવ્રતસિંહનો સમાવેશ થાય છે. કેબિનેટની રચના કરવામાં આવ્યા બાદ આજે મોડી સાંજે કેબિનેટની મહત્વપૂર્ણ બેઠક મળી હતી. તેમાં જુદા જુદા પાસા ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. મધ્યપ્રદેશમાં વિધાનસભા ચુંટણીમાં કોંગ્રેસે જીત મેળવી છે. શિવરાજસિંહના નેતૃત્વમાં ભાજપ સરકારના શાસનનો અંત આવ્યો હતો.

ભારતરત્ન

● અનુસંધાન પહેલાનું ચાલુ

જાદુગર તરીકે તેમને લોકો ગણે છે. ૨૫મી ડિસેમ્બર ૧૯૨૪ના દિવસે જન્મેલા વાજપેયીનુ ૧૬મી ઓગષ્ટ ૨૦૧૮ના દિવસે અવસાન થયુ ત્યારે દેશના લોકો આઘાતમાં ગરકાવ થઈ ગયા હતા. વાજપેયી એવા નેતા તરીકે હતા જે વિપરિત વિચારધારાના લોકોને એક સાથે લઈને ચાલ્યા હતા. સાથે સાથે ગઠબંધન કરીને મજબુત સરકાર બનાવી હતી. વાજપેયી પોતાની ટિકા સાંભળી લેવાની હિમ્મત રાખતા હતા. અટલ બિહારી વાજપેયીનો જન્મ ૨૫ ડિસે